## શ્રી કરશનભાઈ સોલંકી MLA ૨૪-કડી

## માર્ગ અને મકાન વિભાગની માંગણી(સ્પીચ)

**માન.અધ્યક્ષશ્રી,**

માન.મંત્રીશ્રીએ આજે માર્ગ અને મકાન વિભાગમાં રૂ.૨૨૧૬૩ કરોડની જોગવાઈ કરેલ છે તે બદલ માન.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને માન. નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈનો ખૂબ ખૂબ આભાર.

**માન.અધ્યક્ષશ્રી,**

મારા મત વિસ્તારમાં કડી થી મહેસાણા જવા માટે, કડીથી ગાંધીનગર જવા માટે, કડીથી અમદાવાદ જવા માટે અને કડીથી વિરામગામ જવું હોય તે વખતે અગાઉની સરકારમાં સીંગલ પટ્ટી ૩ મીટરનો રોડ હતો તેથી ૩ કલાક ગમે તે જગ્યાએ જવા માટે લાગતા હતા. આવી હાલત અગાઉની સરકાર વખતે હતી.

**માન.અધ્યક્ષશ્રી,**

અમારી સરકાર આવવાથી અત્યારે આ દરેક રસ્તા પાકા બની ગયા અને ગમે ત્યાં જવું હોય એક કલાકમાં પહોંચી જવાય છે. અને તેઓ આખો દિવસ જે ખરીદી કરવી હોય કે સરકારી કામકાજ કરી સાંજે ઘરે પરત આવી જાય છે.

**માન.અધ્યક્ષશ્રી,**

જ્યારે અગાઉ કોઈ ખરીદી કે સરકારી કામ કાજ માટે જવાનું થતું હતું તો રોકાવું પડતું હતું અને બીજા દિવસે ઘેર પાછા આવતા હતા.

**માન.અધ્યક્ષશ્રી,**

ગાંધીનગરથી સોમનાથ કે દ્વારકા જવા માટે અગાઉની સરકાર વખતે બે માર્ગી રોડ હતો અને જવા તથા આવવામાં તે સમયે ૧૦ કલાક જવા માટે લાગતા હતા. આ અગાઉની સરકારનું કામ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

અમારી સરકાર આવ્યા પછી આ રોડને છ માર્ગી બનાવવામાં આવ્યો અને તેના ઉપર પુલ પણ બનાવવામાં આવેલ છે. તેમજ  રેલ્વે ફાટક મુક્ત ગુજરાત કરેલ છે. તેથી હવે પાંચ કલાકમાં ગાંધીનગરથી સોમનાથ, દ્વારકા પહોંચી જવાય છે જે આ અમારી સરકારનું કામ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

મારા મત વિસ્તારમાં અગાઉ રેલ્વે ફાટક આવેલ હતાં અને જયારે ગાડી આવે ત્યારે ફાટક બંધ રાખવામાં  આવતાં હતાં અને બિમારીના સંજોગોમાં સમયસર દવાખાતે પહોંચી શકતા ન હતા.

**માન.અધ્યક્ષશ્રી,**

અમારી સરકાર આવ્યા પછી ફાટક મુક્ત ગુજરાત બનાવેલ અને જે તે જગ્યાએ રેલ્વે ફાટક આવતા હતા તેના પર પુલ બનાવેલ છે અને રોડ ક્રોસીંગ પર પણ પુલ બનાવેલ છે જેથી કોઈ બિમાર હોય તેને ફાટક નડતરરૂપ થતું નથી અને સમયસર સારવાર મળી રહે છે.